**રે.મુ.નં.૧૩/૨૦૧૨**

**આંક–૪૭ લગત હુકમ**

**(૧)** વાદી તર્ફે હાલની આ અરજી આપી અરજ કરેલ છે કે, સદર કામના વાદી નરેન્દ્રસિહ હરીસીહ દાજીબાવા ગોહીલ નાઓ તા.૨૫/૧૦/૧૮ ના રોજ મરણ ગયેલ છે અને તેઓએ નામદાર કોર્ટમાં રે.મુ.નં.૧૩/૧૨ થી હાલનો દાવો કરેલ છે. વાદી અભણ માણસ છે અને કાયદાથી અજ્ઞાનતાને કારણે સમય સર વાદીના વારસોને દાવાના કામે જોડી શકેલ નથી અને આ બાબતની જાણ થતા વાદીના વારસોને જોડવા માડે કાર્યવાહી કરેલ અને વાદીના વારસોનો સંપર્ક કરી વાદીના મરણનો દાખલો અને પેઢીનામુ તૈયાર કરાવી હાલના વાદીના વારસોને વાદી તરીકે જોડવા માટે અરજ ગુજારેલ છે. વાદીના વારસોને દાવના કામે જોડવા ખુબ જ જરુરી અને અનિવાર્ય છે. તેઓને દાવાના કામે જોડવામાં ન આવે તો ભવિષ્યમાં મોટુ લીટીગેશન ઉભુ થાય અને ન્યાયનો હેતુ જળવાય નહી જેથી ન્યાયની સમતુલા જળવાય રહે અને કોઈ પક્ષકાર ન્યાયથી વંચિત ન રહે તેવા હેતુસર હાલની વાદીની વારસો જોડવાની અરજ ગુજારેલ છે. જે વારસોમાં (૧) વિદ્યાબેન તે નરેન્દ્રસિહ ગોહીલની પત્ની, (૨) કરુણાબેન નરેન્દ્રસિહ ગોહીલની દીકરી, (૩) કૈષીકાબેન નરેન્દ્રસિહ ગોહીલની દીકરી, (૪) કલ્પેશભાઈ નરેન્દ્રસિહ ગોહીલ, (૫) મેઘાબેન નરેન્દ્રસિહ ગોહીલ, તમામ રહે. આકોટ, તા.વાગરા, જી.ભરુચ રહે છે. સબબ અરજી કરી અરજ કરેલ છે કે, ઉપરોકત હકીકત ઘ્યાનમાં લઈ વાદી તર્ફે દાવાના કામે હાલની અરજીમાં વાદીના વારસોને વાદી તરીકે જોડવા માટેની અરજી દાખલ કરેલ હોય જે ગ્રાહય રાખી વાદીના વારસોને જોડવાનો હુકમ ફરમાવવા અરજ કરેલ છે.

**(૨)** સદર કામે વાદી ઘ્વારા હાલની આ અરજી આપતા પ્રતિવાદી ઓ ઘ્વારા આંક–૫૧ થી લેખીત જવાબ રજુ રાખેલ છે જે વંચાણે લેવામાં આવેલ છે.

**(૩)** ત્યાર બાદ વાદી તર્ફે વિ.વ.શ્રી એમ.વાય.પટેલ તેમજ પ્રતિવાદી તર્ફે વિ.વ.શ્રી જે.એચ.કાદરી નાઓની વિસ્તારપુર્વકની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે.

(૪) ઉપર મુજબની ઉભયપક્ષની રજુઆતો ઘ્યાને લીધી તથા સમગ્ર રેકર્ડ વંચાણે લીધુ. આ કામે રેકર્ડ વંચાણે લેતાં આ કામના વાદી તા.૨૫/૧૦/૧૮ ના રોજ ગુજરી ગયેલાનું જણાય છે. વધુમાં રેકર્ડ વંચાણે લેતા વાદી તર્ફે આંક–૫૨ થી વિલંબ માફની અરજી રજુ કરેલ છે જે અરજી મંજુર કરવામાં આવેલ છે. આમ, દાવાના કામે ગુજરનાર વાદીના વારસોને જોડવામાં ન આવે તો વાદીને ઘણા લીટીગેશનમાં ઉતરવુ પડે અને વાદીને નાણામાં ન માપી શકાય તેવુ નુકશાન થવાની શકયતા રહેલી છે. આ કામે પુરાવો નોધવાનો હજુ બાકી છે જેથી પ્રતિવાદીઓને બચાવની પુરતી તકો રહેલી છે. જેથી હાલની અરજી મંજુર કરવામાં આવે તો પ્રતિવાદીને કોઈ નુકશાન થાય તેમ નથી. વધુમાં હાલની આ અરજી મંજુર કરવાથી દાવાની દાદ કે સ્વરુપમાં કોઈ ફેરફાર તેમ નથી. તે તમામ સંજોગોમાં અરજી મંજુર કરવા પાત્ર જણાતી હોય નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: હુ ક મ ::**

વાદીની હાલની આંક–૪૭ ની અરજી આથી મંજુર કરવામાં આવે છે, વાદીએ અરજીમાં જણાવેલ વાદીના વારસોને આ દાવાના કામે વાદી તરીકે જોડવાનો હુકમ કરવામાં આવે છે.

વાદીએ હુકમ અન્વયે દાવા અરજીમાં સુધારો કરી સુધારેલી દાવા અરજી દિન–૧૪ માં રજુ કરવી અને તેની નકલ પ્રતિવાદીને પુરી પાડવી.

ખર્ચ દાવાના આખરી પરીણામને અનુસરશે.

ઉપરોકત હુકમ આજ તા.૦૯, માહે : સપ્ટેમ્બર, સને ૨૦૧૯ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, મારી સહી કરીને જાહેર કર્યો.

**તા.૦૯–૦૯–૨૦૧૯**
**વાગરા.**

**(સાગરકુમાર શાંતિલાલ પ્રજાપતિ)**
**પ્રિન્સીપાલ સીવીલ જજ,**
**વાગરા GJ01482**